# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી અમદાવાદ શહેર (પશ્ચિમ)

બ્લોક- એ, પ્રથમ માળ, બહુમાળી ભવન, સરકારી વસાહત રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ- ૩૮૦૦૫૨

ક્રમાંક: જિશિઅ-પશ્ચિમ/પ્રાથમિક/૨૦૨૬/૯૦૭૪ તા. ૩૦/૦૭/૨૦૨૬

પ્રતિ,
સંચાલકશ્રી / આચાર્યશ્રી
સરકારી / ગ્રાન્ટેડ / નોન ગ્રાન્ટેડ/ અધ્યાપન મંદિર તમામ શૈક્ષણિક સસ્થાઓ
અમદાવાદ શહેર પશ્ચિમ વિસ્તાર

વિષય: ભારે વરસાદની આગાહીને કારણે તારીખ ૩૧/૦૭/૨૦૨૬ રજા જાહેર કરવા બાબત.

માનનીય કલેક્ટરશ્રી, અમદાવાદ તરફથી પ્રાપ્ત થયેલ સૂચના અનુસાર અમદાવાદ શહેરમાં હવામાન વિભાગ દ્વારા ભારે વરસાદની આગાહીને કારણે રેડ એલર્ટ જાહેર કરેલ છે. જેથી સદર પરિસ્થિતિ તથા વિદ્યાર્થીઓની સલામતીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતા **તા.૩૧/૦૭/૨૦૨૬** અમદાવાદ શહેર પશ્ચિમ વિસ્તારની તમામ સરકારી, અનુદાનિત તથા સ્વનિર્ભર પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તેમજ કોલેજોમાં રજા જાહેર કરવામાં આવે છે.

**ખાસ સૂચના:-**

- તા. ૩૧/૦૭/૨૦૨૬ના દિવસ શાળાઓ અને કોલેજોમાં શૈક્ષણિક કામગીરી સંપૂર્ણપણે બંધ રહેશે.
- વિદ્યાર્થીઓની સલામતીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવી.
- આ સૂચનાની જાણ તમામ શિક્ષકો, વાલીઓ તથા વિદ્યાર્થીઓને WhatsApp, SMS, ફોન અથવા અન્ય ઉપલબ્ધ માધ્યમો દ્વારા તાત્કાલિક કરવી.
- આગામી દિવસો અંગેની કોઈપણ સૂચના જિલ્લા વહીવટીતંત્ર દ્વારા પરિસ્થિતિની સમીક્ષા બાદ અલગથી આપવામાં આવશે. તેથી માત્ર અધિકૃત સૂચનાઓનો જ અમલ કરવો.

આ સૂચનાનું તાત્કાલિક અસરથી ચુસ્તપણે પાલન કરશો.

(આર.એમ. ચૌધરી)
જિલ્લા શિક્ષણાધિકારી
અમદાવાદ શહેર પશ્ચિમ

**નકલ સવિનય રવાના જાણ સારૂ**

માન. કલેક્ટરશ્રી, જિલ્લા સેવા સદન, કલેક્ટર કચેરી, સુભાષબ્રિજ, અમદાવાદ

**નકલ રવાના :-**

શિક્ષણ નિરિક્ષકશ્રી અને મદદનીશ શિક્ષણ નિરિક્ષકશ્રીસદર કચેરી.